Seat No.:

Sl. No. :

# 154(G)

**(March, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 35 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત અને વિકલ્પ આંતરિક છે.
3) પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.
4) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
5) ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
6) ગણતરી માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.
7) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 10 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પો પૈકી સાચો વિકલ્પ શોધી તેનો જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

1) ભાગીદારોની મૂડી પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?
   (A) ખર્ચ (B) દેવું
   (C) આવક (D) નુકસાન

2) પાઘડી એ ........ નું નાણાકીય મૂલ્ય છે.
   (A) રોકાણો (B) ધંધાકીય એકમની પ્રતિષ્ઠા
   (C) કાયમી મિલકતો (D) હરીફાઈ

3) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે ........ બનાવવામાં આવે છે.
   (A) વેપારી ખાતું (B) પુનઃ મૂલ્યાંકન ખાતું
   (C) માલ મિલકત નિકાલ ખાતું (D) નફા - નુકશાન ફાળવણી ખાતું

4) નિવૃત્ત થતા ભાગીદારને ચુકવવાની બાકી રકમ પર ભાગીદારી કરારમાં કોઈ ઉલ્લેખ ન હોય તો ........ વ્યાજ ચુકવવાપાત્ર છે.
   (A) 10 % વાર્ષિક (B) 12 % વાર્ષિક
   (C) 6 % વાર્ષિક (D) શૂન્ય



https://www.gujaratboardonline.com

5) પેઢીના વિસર્જન સમયે પાકાં સરવૈયામાં દેવાદારો ₹ 24,500 અને ઘાલખાધ અનામત ₹ 2,500 હોય તો માલ મિલકત નિકાલ ખાતે જમા બાજુએ કઈ રકમ લખશો ?

(A) ₹ 24,500 (B) ₹ 2,500
(C) ₹ 22,000 (D) ₹ 27,000

6) કંપનીને શેરના જાહેર ભરણાં માટે કોની સંમતિ લેવી પડે છે ?

(A) કેન્દ્ર સરકાર (B) સેબી
(C) રાજ્ય સરકાર (D) રીઝર્વ બેન્ક

7) ડિબેન્ચર કેટલા ટકા વટાવથી બહાર પાડી શકાય છે ?

(A) 10 ટકા
(B) 5 ટકા
(C) 20 ટકા
(D) બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરેલ દરે

8) નીચેનામાંથી કયા ગુણોત્તરોનો સમાવેશ પ્રણાલિકાગત વર્ગીકરણમાં થાય છે ?

(A) મિશ્ર ગુણોત્તરો (B) તરલતાના ગુણોત્તરો
(C) નફા કારકતાના ગુણોત્તરો (D) સધ્ધરતાના ગુણોત્તરો

9) નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ ચાલુ ગુણોત્તર ગણવા માટે થતો નથી ?

(A) દેવાદારો (B) સ્ટોક
(C) લેણી હૂંડી (D) ફર્નિચર

10) નીચેનામાંથી કોનો નાણાકીય ખર્ચમાં સમાવેશ થાય છે ?

(A) કારખાનાના ખર્ચા (B) વહીવટી ખર્ચા
(C) વેચાણના ખર્ચા (D) વ્યાજનો ખર્ચ

## વિભાગ - B

■ **નીચેના 11 થી 20 સુધીના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

11) અધિક નફો એટલે શું ?
12) પુનઃ મુલ્યાંકન ખાતાનો નફો કે નુકશાન કયા ખાતે લઈ જવામાં આવે છે ?
13) નવા ભાગીદારને કયા હેતુસર પેઢીમાં દાખલ કરવામાં આવે છે ?
14) માલ મિલકત નિકાલ ખાતાને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?
15) શેર જપ્તી એટલે શું ?



https://www.gujaratboardonline.com

16) કંપની ધારા, 2013 મુજબ કંપની કેટલા વર્ષની મુદતના ડિબેન્ચર બહાર પાડી શકે ?

17) નાણાકીય વિશ્લેષણ એટલે શું ?

**અથવા**

આડું વિશ્લેષણ એટલે શું ?

18) ગુણોત્તર ક્યારે ઉપયોગી બને ?

19) તરલતા એટલે શું ?

20) સામાન્ય અનામતનો વધારો ક્યાં નોંધાય છે ?

## વિભાગ - C

■ **નીચેના 21 થી 26 પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. દરેકના 3 ગુણ છે.** **[18]**

21) A, B અને C 5 : 3 : 2 ના પ્રમાણમાં નફો - નુકશાન વહેંચતા ભાગીદારો છે. વર્ષના અંતે હિસાબો તૈયાર કર્યા પછી માલૂમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ ગણવાનું રહી ગયું છે. ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 2,000, ₹ 1,600 અને ₹ 1,200 છે. ભૂલ સુધારણા નોંધ લખો.

22) D, S અને P એક પેઢીના સરખા હિસ્સે નફો - નુકશાન વહેંચતા ભાગીદારો છે. બધા જ ભાગીદારોએ મળીને નફા - નુકશાનની વહેંચણીનું નવું પ્રમાણ 1 : 3 : 3 નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.

23) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ચોપડે નીચેની મિલકતો છે.

| | | | |
|---|---|---|---|
| મકાન | ₹ 1,00,000 | ફર્નિચર | ₹ 20,000 |
| પાઘડી | ₹ 10,000 | યંત્રો | ₹ 15,000 |

મકાનના ₹ 1,10,000 ફર્નિચરના ₹ 25,000 અને યંત્રોની ચોપડે કિંમત ઉપજે છે. પાઘડીની કોઈ કિંમત ઉપજતી નથી. આમનોંધ લખો.

24) અદાલતના હસ્તક્ષેપ સિવાય (સામાન્ય વિસર્જન) વિસર્જન પદ્ધતિઓ સમજાવો. (ત્રણ મુદ્દા)

**અથવા**

ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકાં સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ?

(1) સામાન્ય અનામત

(2) કારીગર અકસ્માત વળતર ભંડોળ

(3) ઘસારા ફંડ



https://www.gujaratboardonline.com

25) આનંદ લિમિટેડે તા. 1-6-2018 ના રોજ ₹ 200 નો એક એવા 8 ટકાના 10,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા, જે તારીખ 31-5-2023 ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 220 ની કિંમતે પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

26) એક કંપનીએ ₹ 100 નો એક એવા પોતાનાં 7,000 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 97 ના ભાવે ખરીદ્યા અને ખરીદ્યા બાદ તરત જ રદ કર્યા. જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**અથવા**

શેર અને ડિબેન્ચર વચ્ચેના તફાવતના ત્રણ મુદ્દા લખો.

## વિભાગ - D

■ **નીચેના 27 થી 30 પ્રશ્નોના માગ્યા મુજબ ગણતરી કરી જવાબ આપો. દરેકના 4 ગુણ છે.** [16]

27) નીચેની માહિતી પરથી મહેશ અને નરેશની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા 5 વર્ષના ભારિત સરેરાશ નફાની 3 વર્ષની ખરીદીને આધારે કરો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2014-15 | 8,000 |
| 2015-16 | 12,000 |
| 2016-17 | 14,000 |
| 2017-18 | 16,000 |
| 2018-19 | 17,000 |

28) ન્યુ ઈન્ડિયા લિમિટેડના તા. 31-3-2016 અને 31-3-2017 નાં રોજ પુરા થતાં વર્ષના નફા - નુકશાનના પત્રકો નીચે પ્રમાણે આપવામાં આવેલા છે. તેના આધારે તુલનાત્મક નફા - નુકશાનનું પત્રક બનાવો.

**તા. 31-3-2016 અને 31-3-2017 ના રોજ પુરા થતા વર્ષનાં નફા - નુકશાનનાં પત્રકો**

| વિગતો | નોંધ નંબર | 31-3-2017 (₹) | 31-3-2016 (₹) |
|---|---|---|---|
| વચાણની ઊપજા | | 8,00,000 | 7,00,000 |
| અન્ય આવકો | | 1,50,000 | 1,25,000 |
| ખર્ચાઓ | | 4,80,000 | 3,60,000 |

આવક વેરાનો દર 30% હતો.



https://www.gujaratboardonline.com

29) 'XYZ' કંપનીની બે વર્ષની વિગતો નીચે પ્રમાણે આપવામાં આવી છે. તેના આધારે કાચા નફાના ગુણોત્તરની ગણતરી કરો.

| વિગતો | 2018 (₹) | 2019 (₹) |
|---|---|---|
| વેચાણ | 10,50,000 | 16,00,000 |
| વેચાણ પરત | 50,000 | 1,00,000 |
| શરૂઆતનો સ્ટોક | 1,40,000 | 1,60,000 |
| ખરીદી | 6,00,000 | 8,00,000 |
| ખરીદીના ખર્ચા | 30,000 | 40,000 |
| આખરનો સ્ટોક | 1,60,000 | 1,50,000 |

અથવા

'A' કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે ચાલુ ગુણોત્તરની ગણતરી કરો.

દેવાદારો ₹ 2,00,000, લેણી હૂંડી ₹ 50,000, ઘાલખાધ અનામત ₹ 20,000, સ્ટોક ₹ 30,000, રોકડ અને રોકડ સમકક્ષ ₹ 15,000, મશીનરી ₹ 1,20,000, ફર્નિચર ₹ 70,000, દેવી હૂંડી ₹ 20,000, ટૂંકા ગાળાની લોન ₹ 80,000, ખર્ચા ચૂકવવાના બાકી ₹ 37,500.

30) વિધિ કંપની લિમિટેડના નીચે આપવામાં આવેલ વ્યવહારોના આધારે કામગીરીની પ્રવૃત્તિઓમાંથી ઉદ્ભવેલા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગતો | રકમ (₹) |
|---|---|
| કરવેરા પહેલાંનો નફો | 1,30,000 |
| પાઘડી માંડી વાળી | 30,000 |
| પેટન્ટના માંડી વાળ્યા | 18,000 |
| ઘસારો માંડી વાળ્યો | 30,000 |
| વ્યાજના ચૂકવ્યા | 15,000 |
| ડિવિડન્ડના ચૂકવ્યા | 20,000 |
| રોકાણોના વેચાણનો નફો | 15,000 |
| ફર્નિચર વેચાણ નુકશાન | 20,000 |
| સામાન્ય અનામત ખાતે ફેરબદલ | 25,000 |
| વ્યાજ મળ્યું | 15,000 |
| ડિવિડન્ડ મળ્યું | 10,000 |

અથવા



https://www.gujaratboardonline.com

રાઓલ કંપની લિમિટેડની નીચે આપેલ વિગતોના આધારે રોકાણની પ્રવૃત્તિનો રોકડ પ્રવાહ શોધો.

| વિગતો | રકમ (₹) |
|---|---|
| યંત્રોની શરૂની બાકી | 9,00,000 |
| યંત્રોની આખરની બાકી | 8,00,000 |
| વર્ષ દરમ્યાન વેચેલ યંત્રની ચોપડે કિંમત | 50,000 |
| યંત્રો પર ગણેલ ઘસારો | 1,00,000 |
| યંત્રોની વેચાણ કિંમત | 30,000 |

## વિભાગ - E

■ **નીચેના 31 થી 33 નિબંધ પ્રકારના પ્રશ્નો છે માગ્યા મુજબ જવાબ લખો. દરેકના 8 ગુણ છે.** **[24]**

**31)** બીના અને મીના 2 : 3 ના પ્રમાણમાં નફો - નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2019 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ ₹ | મિલકત - લેણાં | રકમ ₹ |
|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | મકાન | 1,05,000 |
| બીના | 80,000 | | યંત્રો | 50,000 |
| મીના | 1,00,000 | 1,80,000 | સ્ટોક | 30,000 |
| આકસ્મિક અનામત | | 15,000 | દેવાદારો | 66,000 |
| કામદાર વળતર ફંડ | | 40,000 | રોકડ/બેન્ક | 14,000 |
| રોકાણ અનામત | | 12,000 | રોકાણો | 30,000 |
| લેણદારો | | 45,000 | | |
| ઘાલખાધ અમાનત | | 3,000 | | |
| | | **2,95,000** | | **2,95,000** |



https://www.gujaratboardonline.com

તા. 1-4-2019 ના રોજ તેઓએ ટીનાને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરી.

(1) બીના પોતાના ભાગનો $\frac{1}{2}$ ભાગ અને મીના પોતાના ભાગનો $\frac{1}{4}$ ભાગ ટીનાની તરફેણમાં ત્યાગ કરશે.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 80,000 કરવામાં આવ્યું. બીના અને મીના તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી ઉપાડી જશે.

(3) યંત્રો પર 10 % ઘસારો માંડી વાળવો.

(4) દેવાદારોમાંથી ₹ 6,000 ઘાલખાધ તરીકે માંડી વાળો અને 15 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(5) રોકાણોની બજાર કિંમત ₹ 15,000 છે જે ચોપડે લાવવી અને કારીગર વળતર પેટે ₹ 50,000 નો દાવો મંજૂર રાખવો.

(6) ટીના મૂડી તરીકે ₹ 1,20,000 અને તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

જરૂરી ખાતા તૈયાર કરો અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

32) તા. 31-3-2019 ના રોજ A, B અને C નું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવા | | રકમ ₹ | મિલકત - લેણાં | | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | પાઘડી | | 40,000 |
| A | 1,80,000 | | જમીન મકાન | | 1,99,000 |
| B | 1,20,000 | | યંત્ર | | 1,80,000 |
| C | 1,20,000 | 4,20,000 | સ્ટોક | | 55,000 |
| સામાન્ય અનામત | | 40,000 | દેવાદારો | 70,000 | |
| ભાગીદારોની લોન | | | - ઘાલખાધ અનામત | 5,000 | 65,000 |
| B | 20,000 | | બેંક સિલક | | 35,000 |
| C | 30,000 | 50,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 16,000 |
| લેણદારો | | 90,000 | નફા-નુકસાન ખાતું | | 20,000 |
| કામદાર વળતર અનામત | | 10,000 | | | |
| | | **6,10,000** | | | **6,10,000** |



https://www.gujaratboardonline.com

A, B અને C 3 : 3 : 2 ના પ્રમાણમાં નફો - નુકશાન વહેંચી લેતાં ભાગીદારો હતા. તા. 1-4-2019 ના રોજ B નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ હતી.

(1) જમીન અને મકાનની કિંમત ₹ 2,20,000 ગણવી.

(2) યંત્રની કિંમત ₹ 30,000 થી ઘટાડવી.

(3) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત રાખવી.

(4) કામદાર વળતર પેટે ₹ 15,000 નો દાવો મંજુર રાખ્યો.

(5) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,60,000 ગણવું. B ના ભાગની પાઘડીનો હવાલો A અને C ના મૂડી ખાતે નાંખવો.

(5) A અને C નું નફા નુકશાનનું નવું પ્રમાણ 1:1 રાખવું.

ઉપરની માહિતી પરથી પુનઃ મુલ્યાંકન ખાતું, ભાગીદારોના મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

33) નડિયાદની નવીન કંપનીએ 2,00,000 ઇક્વિટી શેર, શેરદીઠ ₹ 10 લેખે જાહેર જનતા માટે બહાર પાડ્યા. કંપનીએ અરજી વખતે શેરદીઠ ₹ 3.50, મંજુરી વખતે શેરદીઠ ₹ 4 અને પ્રથમ અને આખરી હપ્તા વખતે શેરદીઠ ₹ 2.50 મંગાવવાના નક્કી કર્યા હતાં.

જાહેર જનતા પાસેથી 2,30,000 ઇક્વિટી શેરની અરજીઓ મળી, જેમાંથી 30,000 ઇક્વિટી શેરની અરજીઓ નામંજૂર કરી તેના પરની રકમ અરજદારોને પરત કરી. https://www.gujaratboardonline.com

જતીન કે જેણે 2,500 શેરની અરજી કરી હતી તેણે અરજી સમયે શેરદીઠ ₹ 10 લેખે પૂરેપૂરી રકમ મોકલી આપી હતી. કંપનીએ તેના બધા જ શેર મંજૂર રાખ્યા હતા. જ્યારે આયુષ કે જેના 1,500 શેર મંજૂર કરવામાં આવ્યા હતા તેણે શેર મંજૂરી વખતે પ્રથમ અને આખરી હપ્તાની રકમ પણ કંપનીને મોકલી આપી હતી.

આ સિવાય મંજૂરી સમયની તથા હપ્તા વખતે લેણી થતી રકમો સમયસર પૂરેપૂરી મળી ગઈ હતી. કંપનીના ચોપડે ઉપરના વ્યવહારોની આમનોંધ પસાર કરો. (બા. જે. જરૂરી નથી)

અથવા



https://www.gujaratboardonline.com

ભારતી ફૂડ પ્રોડક્ટ લિ. કંપનીએ ₹ 10 નો એક એવા 3,00,000 ઈક્વિટી શેર શેરદીઠ ₹ 150 ના પ્રીમિયમે બહાર પાડ્યા. શેરદીઠ નીચે મુજબ રકમ મંગાવવામાં આવી હતી.

| | |
|---|---|
| અરજી વખતે શેરદીઠ | ₹ 74 (₹ 70 ના પ્રીમિયમ સહિત) |
| મંજૂરી વખતે શેરદીઠ | ₹ 44 (₹ 40 ના પ્રીમિયમ સહિત) |
| આખરી હપ્તા વખતે શેરદીઠ | ₹ 42 (₹ 40 પ્રીમિયમ સહિત) |

કંપનીને 3,00,000 શેરની અરજીઓ મળી હતી. ભરતે ધારણ કરેલા 2,000 શેર પર આખરી હપ્તાની રકમ સિવાય બધા શેર પર પૂરેપૂરી રકમ મળી ગઈ હતી. કંપનીએ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ ભરતના શેર જપ્ત કર્યા અને તે શેર શેરદીઠ ₹ 80 લેખે પ્રીતિને પૂરા ભરપાઈ થયેલા તરીકે ફરી વેચ્યા.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો. (બા. જે. જરૂરી નથી)

## વિભાગ - F

■ **નીચેના 34 અને 35 નિબંધ પ્રકારના પ્રશ્નો છે. દરેકના 11 ગુણ છે.** **[22]**

34) રીટા અને રીના 6 : 4 ના પ્રમાણમાં નફો - નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2019 ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**રીટા અને રીનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2019 ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | | રકમ ₹ | જમા બાકીઓ | | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| ઉપાડ : | | | મૂડી ખાતાં : | | |
| રીટા | 15,000 | | રીટા | 1,00,000 | |
| રીના | 10,000 | 25,000 | રીના | 62,500 | 1,62,500 |
| શરૂઆતનો સ્ટોક | | 8,750 | વેચાણ | | 10,00,000 |
| ખરીદી | | 6,93,750 | ખરીદ પરત | | 6,250 |
| મુસાફરી ખર્ચ રીના | | 15,000 | વટાવ અને કસર | | 6,250 |
| સેલ્સમેન | | 26,250 | SBI શેરનું ડિવિડન્ડ | | 250 |
| પગાર : | | | બેન્ક ખાતે | | 15,000 |
| હિસાબનીશ | | 12,500 | લેણદારો | | 6,250 |



https://www.gujaratboardonline.com

| | | | |
|---|---|---|---|
| ઉઘરાણી કારકૂન | 6,250 | મિત્ર પાસેથી ઉછીની લીધેલી રકમ | 12,500 |
| દુકાન ભાડુ | 4,500 | | |
| દેવાદારો | 25,000 | | |
| લારી ભાડુ (માલ) | 37,500 | | |
| જાહેરાત ખર્ચ | 50,000 | | |
| અગાઉથી ચૂકવેલ દુકાન ભાડુ (1-4-2018) | 375 | | |
| વટાવ અને કસર | 21,250 | | |
| ધર્માદા ખર્ચ | 50,000 | | |
| આવકવેરો | 62,500 | | |
| વ્યવસાય વેરો | 625 | | |
| બેન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ | 30,000 | | |
| બેન્ક કમિશન | 1,250 | | |
| SBI ના શેર | 2,500 | | |
| સ્થિર મિલકત | 6,250 | | |
| સ્થિર મિલકતનો નિભાવ ખર્ચ | 2,500 | | |
| રોકડ સિલક | 2,250 | | |
| પાઘડી | 1,25,000 | | |
| | **12,09,000** | | **12,09,000** |

**હવાલાઓ :**

(1) ભાગીદારોની મૂડી પર 12 % અને ઉપાડ પર 5 % લેખે વ્યાજ ગણવાનું છે.

(2) રીટાને વેચાણ પર 3 % લેખે કમિશન આપવાનું છે.

(3) રીનાને દર મહિને ₹ 1,500 ધંધાના હેતુસર મુસાફરી ખર્ચ પેટે આપવાના છે અને મિત્ર પાસેથી ઉછીની લીધેલ રકમ પર ₹ 250 વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(4) દુકાન ભાડુ તા. 30-4-2019 સુધીના 12 માસનું છે અને સ્થિર મિલકત પર 20 % લેખે ઘસારો ગણો.

(5) ₹ 1,250 ઉઘરાણી વસુલ થઈ શકે તેમ નથી.

(6) આખર માલનો સ્ટોક ₹ 95,125 હતો.



https://www.gujaratboardonline.com

35) તા. 31-3-2019 ના રોજનું કમલેશ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | 2,88,000 |
| ઓફિસ અને વેચાણ ખર્ચ | 28,800 | |
| ખરીદી | 5,11,200 | |
| 10 % ના ડિબેન્ચર | | 1,44,000 |
| વેચાણ | | 11,52,000 |
| સોફ્ટવેર | 1,44,000 | |
| મજૂરી | 28,800 | |
| ડિબેન્ચર વ્યાજ | 14,400 | |
| પગાર | 3,60,000 | |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | | 17,280 |
| જમીન - મકાન | 2,73,600 | |
| શરૂઆતનો સ્ટોક | 43,200 | |
| મળેલ વટાવ | | 18,720 |
| દેવાદારો | 2,16,000 | |
| | **16,20,000** | **16,20,000** |

**અન્ય માહિતી :**

(1) આખર સ્ટોક ₹ 50,400

(2) નફાના 50 % કરવેરાની જોગવાઈ કરો.

આપેલ વિગતો પરથી તા. 31-3-2019 ના રોજ પુરા થતા વર્ષ માટે કંપની ધારા 2013 ના પરિશિષ્ટ - III મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

◆◆◆

**https://www.gujaratboardonline.com**
**Whatsapp @ 9300930012**
**Send your old paper & get 10/-**
**अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,**
**Paytm or Google Pay से**



https://www.gujaratboardonline.com